# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **રાજ્યના 14 મહિલા ધારાસભ્યોને માર્ગોના વિકાસ માટે વધુ બે કરોડનું અનુદાન આપવા રાજ્ય સરકારનો નિર્ણય.**
2. **સમાન નાગરિક સંહિતાના અમલ માટે નાગરિકોના સૂચન મેળવવા વિવિધ જિલ્લાઓમાં U.C.C.ની કમિટિના સભ્યોની તબક્કવાર બેઠક યોજાઈ.**
3. **હોળી ધૂળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ખજૂર , હાયડા સહિતના વિક્રેતાઓના ત્યાં તપાસ , શંકાસ્પદ નમૂના તપાસ માટે મોકલાયાં.**
4. **અમદાવાદ – વડોદરા એક્સપ્રેસ હાઇવે પર કેમિકલ ભરેલું ટેન્કર ઉંધુ પડ્યા બાદ ફાયરબ્રિગેડે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને સ્થિતિને સામાન્ય કરી.**
5. **હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહીના પગલે તંત્ર દ્વારા તકેદારી રાખવા નાગરિકોને અપીલ કરાઇ.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WOMEN MLAs GRANT

રાજ્યનાં 14 મહિલા ધારાસભ્યોને તેમના મતવિસ્તારમાં આ વર્ષે રોડ-રસ્તાના વિકાસ કામ માટે બે કરોડ રૂપિયાનું વધારાનું અનુદાન રાજ્ય સરકાર દ્વારા અપાશે. આ અનુદાનમાંથી 50 લાખ રૂપિયા 'કેચ ધ રેઈન ' એટલે કે, વરસાદી પાણીના સંગ્રહ અભિયાનના કામ માટે ઉપયોગમાં લેવા મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. ગુજરાત વિધાનસભામાં હાલમાં 14 મહિલાઓ ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરાયો છે.

---

# GUJARAT - UCC

**ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે ગુજરાત સરકાર દ્વારા નિમાયેલી સમાન નાગરિક સંહિતા સમિતિના સભ્ય દક્ષેશ ઠાકર અને ગીતા શ્રોફની અધ્યક્ષતામાં અરવલ્લી અને મહીસાગર ખાતે એક બેઠક યોજાઇ હતી. ઉપસ્થિત લોકોએ પોતાના મંતવ્યો અને અભિપ્રાય આપી સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની સરકારની પહેલને આવકારી પોતાના સૂચનો રજૂ કર્યા હતા. ઉપરાંત મહેસાણા અને પાટણમાં પણ ગુજરાત સમાન નાગરિક સંહિતા સમિતિના સભ્ય સી.એલ.મીણા અને આર.સી.કોડેકરની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.**

આ વિષય પર અસર કરતા સંબંધિત મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા માટે આગામી 24 માર્ચના સુધી https://uccgujarat.in પર અથવા ટપાલ તેમના મંતવ્યો, સૂચનો અને રજૂઆતો મોકલી આપવા સમિતિએ અપીલ કરી હતી.

---

# JAMNAGAR FOOD CHECKING

જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા ધૂળેટીના તહેવારોને અનુલક્ષીને શહેરના વિવિધ વિસ્તોરમાં ખાણી -પીણીની ચીજવસ્તુઓના વેચાણ કરનારા વેપારીઓના એકમો પર તપાસ હાથ ધરાઇ હતી . શહેરમાં ખજૂર , પતાસા, હાયડા, ધાણી વિગેરેના વિક્રેતાઓ અને હોલસેલ દુકાનદારોને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી , તપાસ કામગીરી દરમિયાન શંકાસ્પદ જણાતા ખાદ્ય ખોરાકના સેમ્પલ વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા , આરોગ્ય અધિકારી એન.વી. પરમારના જણાવ્યા અનુસાર આ પ્રકારની કામગીરી આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં હાથ ધરાશે.

## બાઈટ : એન.વી.પરમાર (આરોગ્ય અધિકારી જામનગર)

---

# EXPRESS WAY CAMICAL TANKER

ખેડા જિલ્લાના નડિયાદ - મરીડા ગામ પાસે એક્સપ્રેસ-વે ઉપર વડોદરાથી અમદાવાદ તરફ જતી કેમિકલ ભરેલી ટેન્કર પલટી ખાતા દોડધામ થઇ ગઇ હતી. આ ટેન્કરમાંથી કેમિકલ્સ બહાર નીકળવાના કારણે ટેન્કરમાં આગ લાગી હતી. આ

આગને નડિયાદ ફાયરબ્રિગેડ દ્વારા બુઝાવવામાં આવી હતી. આ કેમિકલ્સ રસ્તા ઉપર ઢોળાવાને કારણે આગળનો રસ્તો દેખાવાનું બંધ થઈ જાય એવી પરિસ્થિતિ સર્જાઇ હતી. આ સ્થિતિ વચ્ચે તકેદારીના ભાગરૂપે વાહનવ્યવહાર બંધ કરાયો હતો. કેમિકલની અસર  મરીડા, સલૂન, ચકલાસી, રાજનગર જેવા નાના ગામોમાં પણ અસરો જોવા મળી હતી. ઘટનાની જાણ થતાં જ ખેડા ફાયરબ્રિગેડ અને અમદાવાદ ફાયરબ્રિગેડ દ્વારા તાત્કાલિક કામગીરી કરીને સ્થિતિને પૂર્વવત કરી દેવાઇ હોવાની માહિતી નડિયાદના ફાયરમેન અશોક શર્માએ આપી હતી.

## બાઈટ : અશોકભાઈ શર્મા, ફાયરમેન નડિયાદ ફાયર બ્રિગેડ

---

# NIMUBEN – NAMO SAKHI SANGAM FAIR

ભાવનગરના જવાહર મેદાન ખાતે આયોજિત "નમો સખી સંગમ મેળા"ના ત્રીજા દિવસે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં "નારી તું નારાયણી" અને મહિલા ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટઅપ સંભાવના અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ વિષયો પર પરિસંવાદ યોજાયા હતા. પ્રાકૃતિક કૃષિ વિશે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુશ્રી  બાંભણિયાએ જણાવ્યું હતું કે, ભાવનગરમાં ચાર દિવસીય "નમો સખી સંગમ મેળા" માં પ્રતિ દિન ૧૦ હજારથી વધારે લોકો મેળાની મુલાકાત લઈ રહ્યાં છે. તે આપણા માટે સૌ માટે ગૌરવની વાત છે.

---

# TEKA NA BHAV KAPAS

રાજ્યભરમાં ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા માગતા ખેડૂતોએ આગામી 15 માર્ચ સુધી નોંધણી કરાવવા અનુરોધ કરાયો છે. ખેડૂતો C.C.I. એટલે કે, ભારતીય કપાસ નિગમના ઈ-માર્કેટ પૉર્ટલ પર ખરીદ કેન્દ્રો ખાતેથી નોંધણી કરાવી શકશે. સમયમર્યાદામાં અરજી કરનારા ખેડૂતો પાસેથી જ કપાસની ટેકાના ભાવે ખરીદી કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. રાજ્યના 74 ખરીદ કેન્દ્ર ખાતે કપાસની ખરીદી આગામી સપ્ટેમ્બર મહિના સુધી ચાલશે. ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા આ વખતે કપાસ માટે ટેકાનો ભાવ સાત હજાર 741 રૂપિયા જાહેર કરાયો છે.

ખેડૂતો પોતાની સમસ્યા અને ફરિયાદ માટે 77189 55728 નંબર પર સંપર્ક કરી શકશે.

---

# DANTIWADA KRUSHI UNI TALIM

**બનાસકાંઠાના દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ ભચાઉના કુંભારડી ગામના 65 ખેડૂતોને કૃષિલક્ષી તાલીમ આપી હતી. ખેડૂતોને ઉનાળુ પાક માટે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, પ્રાકૃતિક ખેતી તથા વધુ ઉત્પાદન અંગે માર્ગદર્શિત કરાયા હતાં.**

**આ તાલીમમાં શિક્ષણ , સંશોધન અને વિસ્તરણની તેમજ યોજનાકીય કામગીરી તેમજ ખેતીમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કેવી રીતે મેળવવું તેની વિગતવાર માહિતી અને માર્ગદર્શન ખેડૂતોને અપાયું હતું. આ ઉપરાંત ઉનાળુ પાક માટેની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને પ્રાકૃતિક ખેતી અંગેની માહિતી આપવામાં હતી.**

---

# WEATHER

રાજ્યમાં ગરમીના વધતાં પ્રકોપ સામે આજથી બે દિવસ દરમિયાન 19 જિલ્લામાં હીટવેવની હવામાન વિભાગે આગાહી કરી છે.

રાજ્યના અનેક જિલ્લામાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં 5થી 8 ડિગ્રી સેલ્સિયસ વધુ જ્યારે મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતા 4થી 7 ડીગ્રી છે જેને કારણે આજે રાજ્યના પાંચ જિલ્લાઓમાં ગરમ રાત્રિની પણ આગાહી વ્યક્ત કરવામાં આવી છે. 19 જેટલા જિલ્લામાં હીટવેવની શક્યતાઓ સાથે સૌરાષ્ટ્ર , કચ્છ અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લામાં રેડ એલર્ટ તેમજ મધ્ય અને ઉત્તર ગુજરાતના ભાગોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડોક્ટર એ .કે.દાસે જણાવ્યું હતું કે , સૂર્યના સીધા કિરણો રાજ્ય તરફ આવી રહ્યા છે, જેને કારણે તાપમાનનું પ્રમાણ વધ્યું છે.

દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં હીટવેવથી બચવા માટેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જેમાં ભારે ગરમીથી બચવા માટે પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવા ઉપરાંત સીધા સુર્યપ્રકાશથી બચવા લોકોને અપીલ કરવામાં આવી હોવાનું સુરેન્દ્રનગરના કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલે જણાવ્યું હતું.

**(બાઈટ – રાજેન્દ્ર કુમાર, કલેક્ટર)**

---

# GIR VOICECAST

રાજ્યના બૃહદ ગીર વિસ્તારના સંરક્ષણ અને પર્યાવરણનું જતન કરવા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી,

**જે આજે પણ યથાવત્ છે. આ કામગીરીના પરિણામે ગત દોઢ દાયકાથી વન્ય પ્રાણીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત રાજ્ય બન્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. સાંભળીએ એક અહેવાલ.**

## (વૉઈસકાસ્ટઃ મિત્તલ પટેલ)

*(રાજ્યના બૃહદ ગીર વિસ્તારનું અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી સંરક્ષણ થઇ રહ્યું છે. વન્યજીવોની દેખરેખ અને સલામતી માટે અત્યાધુનિક સર્વેલન્સ અને સ્પીડ મૉનિટરિંગ સિસ્ટમ કાર્યરત્ કરવામાં આવી છે . જ્યારે અત્યાધુનિક દેખરેખ એકમના માધ્યમથી માંસાહારી પ્રાણીઓ અને ગીર વિસ્તારના પક્ષીઓનો રેડિયો ટેલિમેટ્રી અભ્યાસ કરવામાં આવે છે. તે સિવાય વાયરલેસ કમ્યુનિકેશન, માઈક્રોચીપ ડેટાસેટ તેમ જ સફારીના વાહનો અને અંદર અને બહાર જવાના પોઇન્ટ્સનું સર્વેલન્સ પણ કરવામાં આવે છે. જ્યારે સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ અભ્યારણ્ય નજીકના રસ્તાઓ પર પસાર થતા વાહનોની ગતિને માપે છે, જેને L.E.D. પર રજૂ કરીને ડ્રાઇવરને એલર્ટ કરવામાં આવે છે.*

***મિતલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ)***

**--------------------------------------END--------------------------------------**